# <u>જાહેરનામું</u>

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૧૫ /૨૦૧૭, તા. ૨૮/૦૪/૨૦૧૭

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ ૧ લી મે ગુજરાત ગૌરવદિનની ઉજવણી નિમિત્તે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમો યોજાનાર હોઇ જે અનુસંધાને ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તેમજ કાર્યક્રમમાં આવનાર જાહેરજનતાને અગવડ ન પડે તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ :-</u>**

અમદાવાદ શહેરમાં તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ ૧ લી મે ગુજરાત ગૌરવદિનની ઉજવણી નિમિત્તે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે કાર્યક્રમો યોજાનાર હોઇ જે અનુસંધાને ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તેમજ કાર્યક્રમમાં આવનાર જાહેરજનતાને અગવડ ન પડે તે હેતુસર તા.૦૧/૦૫/૨૦૧૭ ના કલાક ૧૬.૦૦ થી ૨૨.૩૦ વાગ્યા સુધી નીચે જણાવેલ માર્ગ તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

**<u>બંધ રહેવાનો રૂટ :</u>**

(૧) અંધજન મંડળ ચાર રસ્તા થી હેલ્મેટ ચાર રસ્તા સુધીનો બન્ને તરફનો માર્ગ સદર કાર્યક્રમમાં આવનાર વાહનો સિવાયનાં વાહનો આવ-જા કરી શકશે નહી.

(૨) કલ્યાણપુષ્ટી હવેલી ટી વસ્ત્રાપુર થી આલ્ફાવન મોલ ટી થઇ જી.એમ.ડી.સી. કોર્નર ખાંચા સુધીના માર્ગ પર સદર કાર્યક્રમમાં આવનાર વાહનો સિવાયનાં વાહનો આવ-જા કરી શકશે નહી.

**<u>વૈકલ્પિક રૂટ :</u>**

(૧) કેશવબાગ ત્રણ રસ્તાથી માનસી સર્કલ થી જમણીબાજુ વળી વસ્ત્રાપુર શહીદ ચોક થઇ સંજીવની હોસ્પીટલ થઇ એન.એફ.ડી. થઇ સાંઇબાબા ચાર રસ્તા થઇ સાર્થક સર્કલ તરફ થઇ આવ-જા કરી શકાશે.

(૨) ઐ.ઇ.સી. ચાર રસ્તા થી નારણપુરા ચાર રસ્તા થઇ નવરંગ સર્કલ થઇ ઇશ્વરભુવન ચાર રસ્તા થઇ કોમર્સ સર્કલ થઇ સેન્ટ ઝેવિયર્સ ત્રણ રસ્તા થઇ આવ-જા કરી શકાશે.

(૩) જોધપુર ચાર રસ્તા થઇ શિવરંજની ચાર રસ્તા થઇ નહેરુનગર સર્કલ તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૫/૨૦૧૭ ના રોજ કલાક ૧૬.૦૦ થી ૨૨.૩૦ દરમ્યાનનાં સમયગાળા સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૨૮/૦૪/૨૦૧૭ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police Ahmedabad

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૨૮/૦૪/૨૦૧૭
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.
(૭) વિભાગીય નિયામકશ્રી, G.S.R.T.C., ગીતામંદીર, આસ્ટોડીયા દરવાજા પાસે, અમદાવાદ શહેર
(૮) જનરલ મેનેજરશ્રી,B.R.T.S.,જનમાર્ગ લિ., મધ્ય ઝોનની કચેરી, અ.મ્યુ.કો., ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, અમદાવાદ શહેર
(૯) ડાયરેકટરશ્રી, A.M.T.S., અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર